જેનામાં બુદ્ધિ જ નથી તેને વેદશાસ્ત્રોથી શું સંબંધ? અંધને માટે અરિસો નકામો છે
- ચાણક્ય

આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૯૭ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૨, બુધવાર; નિજ ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ચાર અર્બન હેલ્થ સેન્ટર

## સે-૨, ૧૭, ૨૮ અને ૩૦માં ટુંક સમયમાં જ હેલ્થ સેન્ટર કાર્યાન્વીત થશે : અન્ય સેકટરોમાં સબ સેન્ટર શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં અર્બન હેલ્થ પ્રોજેકટ આગામી દિવસોમાં કાર્યરત થઈ જશે. આ માટે ચાર હેલ્થ સેન્ટરો સે-૨, ૧૭, ૨૮ અને ૩૦માં શરુ કરાશે જયારે અન્ય સેકટરમાં સબ સેન્ટરો કાર્યરત કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૦૦ કર્મચારીઓનું મહેકમ એન.આર.એચ.એમ. હેઠળ મંજૂર કરી દેવામાં આવ્યું છે અને આ મહેકમને આધારે નિમણુંકની પ્રક્રિયા પણ હાથ ધરી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ હાલ ૪ સુપરવાઈઝર, ૪ ડેટા એન્ટ્રી ઓપરેટર, ૪ એફ.એચ. ડબલ્યુ, ૪ પટાવાળા, ૪ લેબ. ટેકનીશ્યનોની નિમણુંકની પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં છે. આ પછી હવે કોમ્યુનીટી બેઝ હેલ્થ વર્કરોની ભરતીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવનાર છે.

ચાર અર્બન હેલ્થ સેન્ટરો આગામી માસના અંતિમ સપ્તાહમાં કાર્યરત થઈ જાય તે રીતે તંત્ર આગળ વધી રહ્યાનું જાણવા મળેલ છે. આમ થતાં જ શહેરની આરોગ્ય સેવાઓમાં મોટો સુધાર થશે.

મળતી વિગતો પ્રમાણે ચાર અર્બન હેલ્થ સેન્ટરોની પસંદગી હાલની ઓ.પી.ડી.ની સંખ્યાને ધ્યાને રાખી કરવામાં આવી છે. આ માટે હાલ તુરત મેડીકલ ઓફિસરોને ગુજરાત સરકારમાંથી ડેપ્યુટેશન પર લેવા માટેની ગંભીર વિચારણાઓ ચાલી રહી છે અને આગામી દિવસોમાં તે અંગેનો આખરી નિર્ણય લેવાઈ જશે.

ગાંધીનગર શહેરમાં અર્બન હેલ્થ પ્રોજેકટ આજથી ત્રણ વર્ષ પહેલાં અમલમાં મુકવા માટેની દરખાસ્ત તત્કાલીન જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનકર રાવલે કરી હતી. આ પછી રાજય સરકારે તે દરખાસ્ત ગ્રાહ્ય રાખી હતી અને હવે આ પ્રોજેકટ તેના અમલીકરણના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકયો છે.

ગાંધીનગર શહેરમાં એન.આર.એચ.એમ. અંતર્ગત આ પ્રોજેકટ અમલમાં આવી રહ્યો છે. બીજી તરફ રાજય સરકાર આ પ્રોજેકટ અમલમાં મુકયા બાદ કોર્પોરેશનને તેની આરોગ્ય સેવાઓની જવાબદારી પણ સુપ્રત કરવાની દિશામાં આગળ વધશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ પ્રોજેકટ ઉપરાંત ગાંધીનગર શહેર માટે અલાયદો હેલ્થ પ્લાન બનાવવાની દિશામાં પણ સરકાર ગંભીરતાથી આગળ વધી રહી છે. આ અંગેનો મુસદ્દો પણ તૈયાર કરી મંજૂરી માટે મોકલી આપવામાં આવ્યો છે. એટલે આગામી દિવસોમાં સરકાર દ્વારા ગાંધીનગર શહેરમાં આરોગ્યની સેવાઓનું સઘનીકરણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરના આ ચારેય અર્બન હેલ્થ સેન્ટરોને પી.એચ.સી.નું સ્ટેટસ આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. આ માટે જરુરી કેટલીક નવી સુવિધાઓ પણ ઉભી કરવા અંગે તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



ગણપતિ બાપા મોરિયા... - ગાંધીનગરમાં ભાવભક્તિસભર વાતાવરણમાં ગણેશ મહોત્સવની ઉજવણી થઈ રહી છે... મંગળવારે કેટલાક મંડળોએ ગણેશ વિસર્જનનો કાર્યક્રમ પણ યોજ્યો હતો. આખા દિવસ દરમિયાન ઢોલ-નગારા સાથે નદી કિનારે જઈ ભાવપૂર્વક ગણપતિજીનું મૂર્તિનું વિસર્જન કરવાના દશ્યો સર્જાતા રહ્યા. હજુ ત્રણ દિવસ ગણપતિ વિસર્જનના કાર્યક્રમો યોજાશે. સૌ નગરજનો પ્રાર્થે છે કે આવતા વર્ષે વેળાસર પધારી ગાંધીનગરના વિકાસના વિઘ્નોને દૂર કરશો. વિઘ્નહર્તા દેવ ઉદારતાથી અમારી ભૂલ-ચૂકને માફ કરી અમને રિદ્ધિ-સિદ્ધિના માર્ગે ગતિ માટે શક્તિ આપો... (તસવીર : પ્રવીણ ઠક્કર (પિન્ટુ))

# ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદીમાં ૯,૭૧,૧૬૯ મતદારોના ફોટા છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૧.૨૦ ટકા મતદારો પાસે અર્થાત ૧૧,૮૪૨ જેટલા મતદારો પાસે ફોટો ઓળખકાર્ડ નથી. જેમાં સૌથી વધારે મતદારો કલોલ વિધાનસભા મત વિસ્તારના છે જ્યારે સૌથી ઓછા મતદારો માણસા વિધાનસભા મતદાર વિસ્તારમાં છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગોમાં ૯૮.૮૦ ટકા મતદારો ફોટો ઓળખકાર્ડ ધરાવે છે. જેમાં ૯૦ ટકા મતદારો ફોટો ઓળખકાર્ડ ધરાવતા હોય તેવા મતદાન મથકોની સંખ્યા ૧૧૪૩ જેટલી છે. જ્યારે સાત બુથ જ એવા છે જ્યાં ૮૦ ટકા જેટલા મતદારો ફોટો ઓળખકાર્ડ ધરાવે છે.

**૧.૨૦ ટકા મતદારો પાસે ફોટો ઓળખકાર્ડ નથી**

જિલ્લાના પાંચ વિધાનસભા મત વિસ્તારો પર નજર કરીએ તો દહેગામ વિધાનસભા મત વિસ્તારમાં ૯૮.૮૮ ટકા મતદારો પાસે ફોટો ઓળખકાર્ડ છે. ૧.૧૨ મતદારો પાસે ફોટો ઓળખકાર્ડ નથી.

ગાંધીનગર (દક્ષિણ)ની બેઠકમાં ૯૯.૦૫ ટકા મતદારો ફોટો ઓળખકાર્ડ ધરાવે છે. ગાંધીનગર (ઉત્તર)માં ૯૮.૬૬ ટકા મતદારો પાસે ઓળખકાર્ડ છે. જ્યારે સૌથી વધુ ફોટો ઓળખકાર્ડ માણસા વિધાનસભા મત વિસ્તારના મતદારો પાસે છે. આ વિસ્તારના ૯૯.૬૮ ટકા મતદારો ફોટો ઓળખકાર્ડ ધરાવે છે. કલોલ વિધાનસભા મતદાર વિભાગમાં ૯૭.૬૬ ટકા મતદારો ફોટો ઓળખકાર્ડ ધરાવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## અરવલ્લીની ગીરીમાળાઓ 'જય અંબે'ના નાદથી ગુંજી ઉઠી



(તસવીર : જતીન સુથાર, ખેડબ્રહ્મા)

જાવુ જરૂર છે અંબાજીના દર્શને... અંબાજી તરફના બધા જ માર્ગો પદયાત્રીઓથી છલકાય છે... હિંમતનગર - ઈડર વચ્ચે હજારો ભાવિકો આજકાલ પસાર થઈ રહ્યા છે. અરવલ્લીના ડુંગરાઓમાં 'જયઅંબે'નો જયઘોષ ગાજી રહ્યો છે. તો આ તરફ વિસનગર - ખેરાલુ વચ્ચે પણ હજારો ભાવિકો આદ્યશક્તિના પરમધામ તરફ ગતિ કરી રહ્યા છે. અંબાજી આસપાસના ૧૦ કિ.મી.ના તમામ માર્ગો ભક્તિ અને સેવાથી છલોછલ રહે છે. હજારો બલ્કે લાખો ભાવિકો ભાદરવી પૂનમના મેળે જઈ રહ્યા છે અને મા-આદ્યશક્તિની આરાધનામાં લીન થઈ રહ્યા છે...

# ગુજરાતમાં રાષ્ટ્રીય પર્વોની થયેલી ઉજવણીનો હિસાબ રાખવા સૂચના

**મંત્રીઓ અને અધિકારીઓએ ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ અને ૧લી મે ના લોકાર્પણ, શિલાન્યાસ અને યોજનાની સ્થિતિ બતાવવી પડશે**

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં ઉજવાયેલા વિશિષ્ટ પર્વોમાં થયેલા ખાતમૂહુર્તનો હવે મંત્રીઓ અને અધિકારીઓએ હિસાબ રાખવો પડશે, કારણ કે આ પર્વમાં જાહેર કરેલા યોજનાઓ ક્યાં પહોંચી છે તેની સમીક્ષા હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષોમાં ૨૬મી જાન્યુઆરીનું પ્રજાસત્તાક પર્વ, ૧૫મી ઓગષ્ટનો સ્વાતંત્રતા દિવસ અને ૧લી મે નો ગુજરાત સ્થાપના દિવસ એમ કુલ ત્રણ કાર્યક્રમોની ઉજવણી ગાંધીનગર બહાર જિલ્લામાં કરવામાં આવી છે.

આ ઉજવણી જ્યારે જિલ્લામાં કરવામાં આવે છે ત્યારે સરકાર દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા વિસ્તરામાં પ્રસંગ પૂર્વે રાજયના વિવિધ વિભાગોની યોજનાઓની જાહેરાત કરવામાં આવે છે. એટલું જ નહીં, મુખ્યમંત્રી, મંત્રીમંડળના સભ્યો, પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા શિલાન્યાસ, ભૂમિપૂજન અને ખાતમુહૂર્તના કાર્યક્રમો પણ યોજવામાં આવતા હોય છે.

પ્રસંગ પતી ગયા પછી ઘણીવાર એવું બનતું હોય છે કે યોજનાની તકતીઓ રહી જાય છે, પણ મૂળ યોજનાના ઠેકાંણા હોતા નથી. આ સંજોગોમાં આ ત્રણેય દિવસોમાં થયેલી કાર્યક્રમોનો પ્રગતિ રિપોર્ટ તૈયાર કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. સરકારે આ રિપોર્ટમાં ૨૦૦૫ પછીના કાર્યક્રમોને આવરી લીધાં છે.

કયા જિલ્લામાં કે કયા શહેરમાં કઇ યોજનાની સ્થિતિ કેવી છે તેનો ક્યાસ કાઢવાનો આ હેતુ છે. યોજના પૂર્ણ થઇ હોય તો કોને કેટલો

● અનુસંધાન પાન-૭ પર

દિપાવલી નિમિત્તે પ્રથમ 50 પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 'ફી' માં ખાસ ઘટાડો
GPSC વર્ગ 1/2 પ્રિલિમ પરીક્ષા
ફી માત્ર ₹ 18,000/-
29-9-2012 થી 05-10-2012 સુધીમાં પ્રવેશ મેળવનાર માટે જ !
વર્ગ શરૂ થવાની તા. 29-11-2012
પાલનપુર/મહેસાણા/ગાંધીનગર શાખામાં જ પ્રવેશ...

| શાખાઓ | ભણવાના દિવસ | ભણવાના દિવસ |
|---|---|---|
| પાલનપુર | 3.00 થી 5.00 | શુક્ર - શનિ - રવિ |
| મહેસાણા | 7.00 થી 9.00 | |
| ગાંધીનગર | 8.00 થી 10.00 | |

5-10-2012 સુધીમાં પ્રવેશ મેળવી ખાસ ઓફરનો લાભ વહેલા તે પહેલાના ધોરણે!
TCCI EDUCATION PVT. LTD.
PATAN 95740 04323 | VISNAGAR 95740 04325 | HIMATNAGAR 95740 04326
HELPLINE NO : 95740 04328, 9574004327
સબ રજીસ્ટાર GPSC
ફોર્મ ભરવાની છેલ્લી તા. 24-9-12
ફી માત્ર ₹ 14,000/- | પરીક્ષા સંભવિત ડિસેમ્બર 2012
PSI ઈન્ટરવ્યુ માટે (ગાંધીનગર ખાતે)
ઉપરોક્ત સમયે સંપર્ક કરો...

# તારીખમાં પંચની ચૂપકિદી છતાં ચૂંટણીની મોસમ છલકાઇ ઉઠી

**પ્રધાનો અને ધારાસભ્યોને મત વિસ્તાર યાદ આવ્યા: નવા સિમાંકનનો ખોફ યથાવત : પાર્ટી તરફથી કોઇ આદેશ નહીં મળતાં મનમાં મૂંઝવણ**

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)**

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેની તારીખ જાહેર કરવામાં ચૂંટણી પંચની ચૂપકિદી છતાં સચિવાલયમાં ઈલેક્શનની મોસમ છલકાઈ ઉઠી છે. મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો ગાંધીનગર બહાર કાર્યક્રમોમાં હોવાથી નેતાઓ, કાર્યકરો અને જાહેર જનતાની ભીડ ઓછી થઈ ચૂકી છે.

સરકારના મંત્રીઓ અને ધારાસભ્યોને પોતાના મત વિસ્તાર યાદ આવ્યા છે. નવા સિમાંકનનો ખોફ ધારાસભ્યોમાં યથાવત છે તેમ છતાં પાર્ટી તરફથી કોઈ આદેશ નહીં મળતાં મનમા હજી ટીકીટ મળશે કે કેમ તેની મૂંઝવણ છે.

સત્તાધારા પાર્ટી ભાજપના ધારાસભ્યોને સૌથી વધુ ડર ટીકીટ કપાવાનો લાગે છે. ૨૦૦૭ની ચૂંટણી હારી ગયેલા ઉમેદવારોને તો ફરીથી અજમાવવાનો પ્રયોગ ભાજપ કરવાનું નથી તેથી તેઓ નિશ્ચિંત છે પણ કોંગ્રેસમાં ટીકીટને લઈને ધમાસાણ મચેલું છે. જૂના-નવા બધાં ટીકીટ મેળવવાની લાઈનમાં છે. પાર્ટીના હાઈકમાન્ડ માટે ટીકીટ વિતરણ માથાનો દુખાવો બની શકે છે.

ભાજપ અને કોંગ્રેસ માટે આ ચૂંટણી અસ્તિત્વનો જંગ છે. ભાજપને સત્તા ટકાવી રાખવી છે અને કોંગ્રેસને સત્તા મેળવવી છે. ત્રીજી તરફ કેશુભાઈની પરિવર્તન પાર્ટી ઉમેદવારોની શોધમાં છે. ભાજપ અને કોંગ્રેસના જે ઉમેદવારો કપાશે તેની રાહમાં છે. બન્ને પાર્ટીઓ જો મહત્વના સભ્યોને કાપશે તો ગુજરાતમાં કેશુભાઈની પાર્ટી હકીકતમાં થર્ડફોર્સ કહેવાશે. તેમની પાર્ટીને ગુમાવવાનું કંઈ નહીં હોય.

ભાજપ હોય કે કોંગ્રેસ બન્ને પાર્ટીઓ માટે આ વખતે યુવા અને મહિલા મતદારો નિર્ણાયક બની રહેશે અને ટીકીટ વિતરણની દિશા પણ તે તરફ જઈ રહી છે. ત્રણ થી વધારે ટર્મ માટે ચૂંટાયેલા ધારાસભ્યોને પણ મુશ્કેલી છે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

સ્વતંત્ર બંગલો ભાડે આપવાનો છે
કંપની / બેંક અધિકારીને લાયક, 4BHK GSPC ગેસ કનેક્શન, ૨૪ કલાક પાણી, રાયસણ પેટ્રોલ પંપની પાછળ, BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર સામે, કોબા-ગાંધીનગર હાઈવે
સંપર્ક : ૯૫૭૪૩ ૨૬૯૨૬
૯૪૨૬૩ ૨૬૮૧૮

# સોનિયા ગાંધી મંગળવારે પોરબંદર ખાતે પહોંચશે

અમદાવાદ, તા. ૨૫

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી આગામી તા. ૨જી ઓક્ટોબરને મહાત્મા ગાંધીજીના જન્મ દિવસે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. સોનિયા ગાંધી પોરબંદરમાં ગાંધીજીના જન્મસ્થાન કિર્તીમંદિરની મુલાકાત લેશે. ત્યાર બાદ રાજકોટ જિલ્લાના જેતપુર ખાતે ખેડૂતોની વિશાળ સભાને સંબોધન કરશે તેમ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી પોરબંદરમાં જઈને કિર્તી મંદિરમાં મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલી અર્પણ કર્યા બાદ રાજકોટ જિલ્લાના જેતપુરમાં વિશાળ ખેડૂત સંમેલનને સંબોધીને ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે. સોનિયા ગાંધીના કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ છેલ્લાં બે દિવસથી પોરબંદર પહોંચી ગયા છે. સૌરાષ્ટ્રમાં જેતપુર વિસ્તાર સાંસદ વિઠ્ઠલ રાદડિયાનો ગઢ ગણાય છે. ખેડૂતોની સભાને સફળ બનાવવા રાદડિયાએ એડીચોટીનું જોર લગાવ્યું છે. જો કે સોનિયા ગાંધી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે કે કેમ તે અંગે પ્રદેશના નેતાઓએ મૌન સેવ્યું હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧